

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજુઆત... રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ઈન્ટરનેશનલ ફલાઈટો ઓકટોબર મહિનાથી શરૂ થઈ જશે...

રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવા માટે ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૧૦માં મંજુરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૪ થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની સુકાન સંભાળેલ ત્યારથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજય સરકારના ઉડયનમંત્રીશ્રી-સંસદ સભ્યશ્રીઓને વારંવાર દિલ્હી તથા ગાંધીનગર રૂબરૂ મુલાકાતો લઈ મિટીંગો યોજી અનેકવાર ભારપુર્વક રજુઆતો કરી આ ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેકટને તાત્કાલીકના ધોરણે શરૂ કરવા માટે અવિરત પ્રયાસો કરવામાં આવેલ હતા. જેના ફળસ્વરૂપે વર્ષ ૨૦૧૭માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાત મુર્હત કરેલ હતું અને આ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું જુલાઈ ૨૦૨૩ માં લોકાર્પણ કરવામાં આવેલ. જે સરકારશ્રીનું સરાહનીય પગલું ગણાય અને રાજકોટ ચેમ્બર તેને આવકારે છે.

હાલ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે નવું ટર્મીનલ આશરે ૨ મહિનામાં કાર્યરત થઈ જશે અને ૪ જેટલા એરોબ્રીજની સુવિધા પણ મળશે. આ એરપોર્ટના એપ્રેનની અંદર ૧૪ જેટલી ફલાઈટો પાર્કિંગ થઈ શકે તેમ છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય સૌરાષ્ટ્રવાસીઓના હિતને ધ્યાને લઈ તેમજ વેપાર ઉધોગકારોને ધમધમતા કરવા અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા માટે રાજકોટ-દુબઈ, રાજકોટ-સીંગાપુર-મલેશીયા જેવી ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીકના ધોરણે શરૂ કરવા તેમજ આવી ઈન્ટરનેશનલ ફલાઈટો માટે કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા પણ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડયનમંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાઈડુજી, કેન્દ્રના રાજયકક્ષાના ઉડયનમંત્રીશ્રી મુરલીધર મોહોલજી, સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી તથા ગુજરાત રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ ગઈકાલ તા.૧૨ જુલાઈના ૨૦૨૪ ના રોજ લેખિત ઈ-મેઈલ મારફતે માંગણી કરવામાં આવેલ હતી. જેથી કરીને ઈન્ટરનેશનલ ફલાઈટો વ્હેલીતકે શરૂ થઈ શકે.

વધુમાં આ બાબતે પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી તથા એરપોર્ટ ડાયરેકટરશ્રી દિગંતા બોહરાજી સાથે પણ ટેલિફોનીક સઘન ચર્ચા કરેલ હતી જેના ફળસ્વરૂપે આગામી ઓકટોબર માસથી રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ થઈ જશે. જે બદલ રાજકોટ ચેમ્બર કેન્દ્ર તથા રાજયના ઉડયનમંત્રીશ્રીઓ અને સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીનો આભાર વ્યકત કરે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.